## –:: ફોજદારી અપીલ નં. ૧૭૯/૨૦૨૫ ના કામે આંક–૧ લગત હુકમ ::–

**૧.** એપેલેન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ છે. સદરહુ વાદગ્રસ્ત હુકમથી નારાજ થઈને એપેલેન્ટ/આરોપીએ હાલની આ અપીલ દાખલ કરેલ છે. હવે બન્ને પક્ષે એટલે કે એપેલેન્ટ/આરોપી તથા રીસ્પોડન્ટ/મુળ ફરીયાદી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેવુ આ કામે આંક–૧૯ ની પુરસીસ આપીને જાહેર કરેલ છે. બન્ને પક્ષકારોને પુછતાં તેઓને આ સમાધાન કબુલ મંજુર હોવાનું જણાવેલ છે અને સમાધાનનું લખાણ સ્વીકારેલ છે. મુળ ફરીયાદીને આરોપી પાસેથી આ કેસ બાબતેની કોઈ લેવડ–દેવડ બાકી રહેતી નથી, તે બાબતની ખાત્રી કરવામાં આવેલ છે. હવે સમાધાન થતા એપેલેન્ટ/આરોપી અપીલ આગળ ચલાવવા માંગતા નથી. વળી, આ કામ આજરોજ **કાયમી લોક અદાલત**માં રાખેલ છે અને બન્ને પક્ષે સમાધાન થઈ ગયેલ છે. જે સમાધાન નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૭ મુજબ પરવાનગીને પાત્ર છે અને તે મુજબ બન્ને પક્ષોને આંક–૧૮ ની અરજી અન્વયે પરવાનગી આપવામાં આવેલ છે.

**૨.** આ કામે પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોય, તે સમાધાન રેકર્ડ ઉપર લેવામાં આવે છે અને એપેલેન્ટને વિ. ટ્રાયલ કોર્ટે કરેલ સજા રદ કરવામાં આવે છે.

**૩.** આ સમાધાન કાયમી લોકઅદાલતમાં થતુ હોય, નામ. સુપ્રિમ કોર્ટના **મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિ. પ્રતિક જૈન (૨૦૧૪(૬) સુપ્રિમ, પાના નં.૭૫૯)** ના ચુકાદા મુજબ એપેલેન્ટ/આરોપીને સ્પેશ્યલ કોસ્ટ કરવામાં આવતી નથી.

**૪.** ઉપરોકત અવલોકનો સાથે હાલની કન્વીકશન અપીલ ફેંસલ ગણવામાં આવે છે.

**૫.** વિ. ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ તાત્કાલીક મોકલી આપવુ.

આ હુકમ આજરોજ તા.૦૬,માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ કાયમી લોકઅદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૬.૦૬.૨૦૨૬
સ્થળ–વેરાવળ

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨